# ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ નોર્થ અમેરિકા

## Gujarati Literary Academy of North America

32 Louisa Ct, Wayne, NJ 07470 Phone 862-221-6695

Email: ashish.desai@glaofna.com // Web: www.glaofna.com



**Executive Committee 2024-2027**

**CHAIR**
Ram Gadhavi

**PRESIDENT**
Ashish Desai

**VICE- PRESIDENT**
Gini Malaviya

**SECRETARY**
Prarthana Jha

**TREASURER**
Gaurang Mehta
Harish Ravaliya

**MEMBERS-AT-LARGE**
Apexa Dave
Niketa Vyas
Dhananjay Desai

**CO-OP MEMBERS**


મિત્રો,

આપણું **તેરમું દ્વિવાર્ષિક સાહિત્ય સંમેલન સપ્ટેમ્બર 5-6-7, 2025** દરમ્યાન શેરેટન એટ એડિસન, ન્યુ જર્સીમાં યોજાય છે. એમાં હાજરી આપવા આપને હાર્દિક આમંત્રણ છે.

આ સંમેલન માટે સાહિત્ય જગતના સુપ્રસિદ્ધ સાહિત્યકારો અને સાહિત્યલક્ષી મનોરંજન માટે સુપ્રસિદ્ધ કલાકારોને આમંત્રણ આપવામા આવશે છે.  સંમેલન વિશેની પ્રાથમિક માહિતી આ સાથે મોકલીએ છીએ જેમાં સંમેલનનું રજિસ્ટ્રેશન ફૉર્મ, હોટેલ રૂમ રિઝર્વેશનની માહિતી અને ઍકેડેમીના સભ્ય થવા ઇચ્છતા આપના મિત્રો માટેનું ફૉર્મ પણ છે. આ જ માહિતી અને દરેક જરૂરી ફોર્મ ઍકેડેમીની વેબસાઇટ www.glaofna.com પર પણ મળશે.

સંમેલનના વહેલા રજિસ્ટ્રેશનના **ઘટાડેલા** દરનો લાભ લેવા આપનું ફોર્મ વહેલામાં વહેલી તકે – પણ મંગળવાર, 5 ઓગસ્ટ, 2025 પહેલાં **અચૂક** – અમને પહોંચાડશો. એ પછી મળેલાં રજિસ્ટ્રેશન **વધારેલા દરથી જ** થઈ શકશે. **પરદેશથી** ખાસ આમંત્રિત સાહિત્યકારો સિવાયની **સંમેલનમાં આવતી દરેક વ્યક્તિ – વક્તા અને શ્રોતા – માટે રજિસ્ટ્રેશન જરૂરી રહેશે**.

આ કૉન્ફરન્સ સેન્ટરની ક્ષમતા પ્રમાણે રજિસ્ટ્રેશન અમૂક સંખ્યા પર પહોંચ્યા પછી બંધ કરવાની અમને ફરજ પડશે. આપનું રજિસ્ટ્રેશન વહેલામાં વહેલી તકે મોકલી આપવા વિનંતિ છે.

સંમેલનની હોટેલ Sheraton Edison, 125 Raritan Center Pkwy, Edison, NJ 08837માં રૂમ રિઝર્વેશન કરવા આ સાથેની માહિતી જોશો. એમાં દર્શાવેલો સંમેલન માટેનો ખાસ દર મેળવવા **નીચે દર્શાવેલ લિંક પર ક્લિક કરવાથી મળશે**. This RESERVATION Link will be for the attendees only (30) rooms at the group rate of $129.00+taxes per night for 9/5 & 9/6/25. Please try to book it online first. (Link may say Marriot – but it's Sheraton and **you have an option to choose your dates**)

**Book your group rate for Gujarati Literary Academy Conference**

ઍકેડેમીના કાર્યક્રમોની અને બીજી જાહેરાતો ફક્ત ઈ-મેઇલથી મોકલીએ છીએ. એ માટે આપનું ઈ-મેઇલ સરનામું ashish.desai@glaogna.com OR glaofna@gmail.com પર પહોંચાડવા વિનંતિ છે. એવી ઈ-મેઇલમાં આપનું ટપાલ સરનામું પણ મોકલશો જેથી સરખા નામવાળા બીજા સભ્યની માહિતી સાથે આપનું ઈ-મેઇલ સરનામું જોડાઈ ન જાય. આ સેવા ફક્ત ઍકેડેમીના સભ્યોને માટે જ છે. સંમેલનનો વિગતવાર કાર્યક્રમ થોડા સમયમાં ઈ-મેઇલથી મોકલવા ધારીએ છીએ. સંમેલનમાં જરૂર મળીએ એવી આશા રાખું છું.

આપનો વિશ્વાસુ,
આશિષ દેસાઈ